ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

રવિવારીય પૂર્તિ

રવિવાર ૩૧ મે, ૨૦૨૬

Artificial Intelligence

જવાબો વધી રહ્યા છે, પણ આપણી વિચારશીલતા પર કાટ ચઢી રહ્યો છે?

આ લખાઈ રહ્યું છે ત્યારે, આ સમયે, કોટામાં કોમ્પિટિટીવ એક્ઝામ્સની તૈયારીમાં વ્યસ્ત કોઈ વિદ્યાર્થી ChatGPTને પોતાનો નિબંધ અંગ્રેજીમાં લખવાનો પ્રોમ્પ્ટ આપી રહ્યો છે. એ તેના એસાઈન્મેન્ટને પુરું કરવામાં કોઈ ચાલાકી કરે છે, ચિટીંગ કરે છે એવું નથી, કારણકે એવી કોઈ સૂચના નથી કે AIનો ઉપયોગ ન કરવો. એ તો એ જ કરે છે જે દરેક પેઢી કરતી આવી છે, સૌથી અસરકારક અને સરળતાથી મળતા હોય તેવા સંસાધનનો ઉપયોગ. મુંબઈની ઑફિસમાં કોઈ મેનેજર પોતાના ક્વાર્ટરલી પ્રેઝન્ટેશન માટેની વિગતો લઈને કોઈ AI ટૂલ પાસે પ્રેઝન્ટેશન તૈયાર કરાવે છે. દિલ્હીના કોઈ ન્યૂઝરૂમમાં કોઈ પત્રકાર AIને તે દિવસના સવારના સમાચારોનો સાર કાઢવાનો પ્રોમ્પ્ટ આપીને પોતાના આગલા શોની તૈયારી કરી રહ્યો છે. ગુજરાતના કોઈ વૉટ્સએપ ગ્રૂપમાં કોઈ વ્યક્તિ એક રાજકારણીનો અવાજ વાપરીને AIમાં બનાવેલી કોઈ ક્લિપ પોતાના ગ્રૂપ્સમાં ફોરવર્ડ કરી રહી છે, એ ક્લિપમાં એવી વાત છે જે પેલા રાજકારણીએ ક્યારેય કિધી જ નથી. કોઈ કિટી પાર્ટી કે ફેમિલી ફંકશનમાં મોડર્ન મમ્મી પોતાનું છોકરું કઈ રીતે AIનો ઉપયોગ કરતા શીખી ગયું છે અને ઘણીવાર તો વોઈસ કમાન્ડથી જ પ્રોમ્પ્ટ આપી દે છે એવી વાત ગર્વથી કરી રહી છે.

અહીં ઉપર લખેલી દરેક વાત આજનું સત્ય બની ચૂકી છે, આમાંથી કોઈપણ વ્યક્તિ કશું પણ ખોટું નથી કરી રહી. છતાં ય કશુંક છે જે ધરમૂળથી બદલાઈ રહ્યું છે. માણસ જાતના ઈતિહાસમાં જે પણ ટૅક્નોલૉજી ખરેખર મહત્વની સાબિત થઈ છે તેણે માણસની ક્ષમતાઓમાં હંમેશા વધારો કર્યો છે. પ્રિન્ટિંગ પ્રેસ આવી તો જ્ઞાન અને સમજણને લોકશાહીનું ક્લેવર ચઢ્યું, તે વધુ લોકો સુધી પહોંચતા થયા અને ગણતરીના બુદ્ધિજીવીઓના હાથવગાં ન રહ્યાં. કાર્સને કારણે ગતિ મળી, અંતરો ઘટ્યાં, ઈન્ટરનેટ ક્રાંતિ પછી તો દુનિયા ગોળ નહીં સપાટ બની ગઈ કારણકે તમારી સ્ક્રીન પર આખું વિશ્વ આવ્યું. સ્માર્ટ ફોન એટલે તો માણસે હાથમાં પકડેલું કૉમ્પ્યુટર જ સમજો. ટૅક્નોલૉજીની પહોંચ અને તેના સ્વરૂપો હવે આંગળીના વેઢે ગણાય એવાં નથી રહ્યાં, ભલે ટૅક્નોલૉજી આપણી આંગળીનાં વેઢે હોય.

પણ છતાંય AI કંઈક અલગ કરી રહ્યું છે. AI આપણે શું કરીએ છીએ એ બદલે છે એમ નથી પણ તે આપણે કેવી રીતે વિચારીએ છીએ તે પણ બદલી રહ્યું છે. આ જ કારણોસર આપણે આપણે જરા પોરો ખાવાની, થોભવાની જરૂર છે. માણસ શીખે ક્યારે? ફિલસૂફી કે આધ્યાત્મના મતે માણસ ઘર્ષણમાંથી શીખે. સારું લખતાં શીખવું હોય તો લાંબા સમય સુધી ખરાબ લખતાં રહેવું પડે છે. સંશોધન કરતા શીખવું હોય તો એવી ચીજોમાં ખોવાઈ જવું પડે જેને આપણે પૂરી રીતે સમજતા નથી. ધીરજ કેળવવી હોય તો અનુભવ અને પ્રતિક્ષા બંન્ને જરૂરી છે. નિર્ણયક્ષમતા વિકસાવવા માટે ભૂલો કરવી પડે, એ ભૂલોમાંથી શીખવું પડે અને ક્યારેક આ ભૂલોની કિંમત પણ ચૂકવવી પડે. ખરું ડહાપણ સાચો જવાબ મળવાથી નથી આવતું પણ ડહાપણ તો સાચો જવાબ શોધવાની લાંબી, અસ્તવ્યસ્ત કરે તેવી અને ક્યારેક કંટાળાજનક પ્રક્રિયા કર્યા પછી બચી ગયેલો, પાછળ રહી ગયેલો અવશેષ છે.

Aiનું સૌથી મોટું વચન એ છે કે તમારે સંઘર્ષ નહીં કરવો પડે, આ ઘર્ષણ જ નહીં હોય. શરૂ શરૂમાં તો આ આખી વાત જ અદ્ભૂત લાગે છે. જ્યાં સુધી તમને સમજાતું નથી કે ઘર્ષણ કોઈ અવરોધ નથી પણ એ જ વિકાસની પ્રક્રિયા છે. તમે જ યાદ કરો કે એવું ક્યારે થયું કે તમને કોઈ પેચીદો સવાલ મનમાં આવ્યો, તમે કદાચ કોઈ સામાન્ય શબ્દનો સમાનાર્થી શોધતા હતા અને તમે તરત ફોન હાથમાં ન લીધો હોય? કોઈ માહિતી શોધવા માટે નહીં પણ માત્ર વિચારવા માટે પણ તમારો ફોન તમારી ટેકણ લાકડી બન્યો હોય એવું તો થયું જ હશે. અનિશ્ચિતતા સાથે થોડો સમય પસાર કરવો, જવાબ મળે ત્યાં સુધીની પ્રક્રિયાને સમય આપવો એવું બધું હવે આપણે માટે સાવ ટૂંકી ઘટના છે. આ વિરામ, આ ગૅપ નહીં જેવી રહી ગઈ છે પણ એવું એટલા માટે નથી થયું કે આપણે આળસુ બની ગયા છીએ પણ વાસ્તવિકતા એ છે કે આપણે ટેવાઈ ગયા છીએ કે સવાલ પુરેપુરો ઘડાય તે પહેલાં તો આપણે જવાબ સુધી પહોંચી જઈએ છીએ. આ ટ્રેનિંગ આપણને મળી છે, સાહજિક રીતે અને આપણને એની સામે કોઈ વાંધો નથી. ભારતમાં પણ આ પરિવર્તન દેખાય છે. એક વખત હતો જ્યારે કોઈ UPSCનો ઉમેદવાર કલાકો સુધી અખબારોમાં આવત સંપાદકીય લેખો વાંચતો, નોંધ કરતો, ચોપડાં ઉથલાવતો, દલીલો સમજવાનો પ્રયાસ કરતો પણ હવે તે AIને પ્રોમ્પ્ટ આપીને બધાનો સાર માંગી લે છે. તેને માહિતી જલદી મળી જાય છે, હા પણ જે નથી મળતું એ છે લાંબા સમય સુધી ધ્યાન કેન્દ્રિત કરી શકવાની ક્ષમતા, જટિલ વિચારો સાથે એટલો સમય વિતાવવાની આદત કે તે તેની પર્સનાલિટીનો ભાગ બને.

AI આપણે જે કરીએ છીએ તે નથી બદલી રહ્યું બલ્કે આપણે કેવી રીતે વિચારીએ છીએ તે બદલી રહ્યું છે અને સરળતા અને ઝડપના મોહમાં આપણે એ થવા પણ દઇએ છીએ

AI પાસે લખાવેલું એસાઈન્ટમેન્ટ સબમિટ કરનારો વિદ્યાર્થી કંઈક શીખી તો રહ્યો જ છે પણ તે વિષયની ગહેરાઈ નથી, તે શીખે છે કે જ્યારે સવલત હોય, સાધન હોય ત્યારે પ્રયત્ન - અટેમ્પ્ટ વૈકલ્પિક બની જ શકે છે. ડીપ ફેક્સ, ખોટી માહિતી ફેલાવતાં AI દ્વારા બનાવેલી તસવીરો કે વીડિયો હોય કે ફેક વોઈસની ક્લિપ્સ હોય એ બધું લોકોને પહોંચાડવા હોંશે હોંશે ફોરવર્ડ કરનારાઓની દાનત ખોરી નથી (બનાવનારાઓની છે એમ યાદ રાખવું) પણ તેમને સવાલ કરવાની આદત નથી રહી, તેમણે કદાચ એ આદત વિકસે તે પહેલાં જ નાથી દીધી. તેમને એવો વિચાર જ નથી આવતો કે આ સાચું છે કે નહીં તેની ખાતરી તેમણે કરવી જોઈએ, અને જો કરવી હોય તો કેવી રીતે કરવી જોઈએ?

અગાઉની ટેક્નોલોજીઓએ પણ આપણને કંઈક આપ્યું અને કંઈક લીધું. કેલ્ક્યુલેટરે ગણતરી સરળ બનાવી પણ મોઢે ગણવાની આદત ઓછી કરી. GPSએ રસ્તા શોધવાનું સરળ બનાવ્યું પણ દિશાની સમજ કમજોર કરી. પરંતુ AI અલગ છે. કેલ્ક્યુલેટર તમારા માટે વિચારતું નથી. AI તમારા વિચારની પ્રક્રિયામાં જ પ્રવેશ કરે છે. તે માત્ર કામ નથી કરતું, તે ત્યાં પહોંચે છે જ્યાં એક સમયે માનવીય નિર્ણય અને સમજણ સંઘર્ષમાંથી જન્મતા હતા. માનવ ઈતિહાસમાં પહેલીવાર એવી ટૅક્નોલોજી આવી છે જે અત્યંત વિશ્વસનીય છાપ કોઈપણ પ્રયત્ન વિના ધરી દે છે જે બુદ્ધિની ધાર કાઢવામાં વપરાતી માનસિક ગડમથલની બાદબાકી કરી દે છે.

વળી આવું આખી દુનિયામાં, એક જ સમયે, એક સાથે, અબજો લોકો સાથે કરી શકવાની ક્ષમતા AI પાસે છે. લાખો નહીં કરોડો લોકોને AI જવાબ આપતું રહે છે. આ માત્ર ટૅક્નોલૉજિકલ પરિવર્તન નથી, આ સંસ્કૃતિ અને સભ્યતાના સ્તરે થઈ રહેલો ફેરફાર છે. હજી તો સરકાર AIને લગતા કાયદા ઘડી રહી છે, અદાલતોમાં કૉપિરાઇટની ચર્ચા થાય છે, શૈક્ષણિક સંસ્થાનોમાં પ્રામાણિકતાના નવા માપદંડ બની રહ્યા છે, કંપનીઓમાં AI એથિક્સ કમિટી બની રહી છે પણ માનવીય વર્તન નીતિઓની રાહ જોતું નથી. નિયમો લખાશે અને અમલમાં મુકાશે તે પહેલાં તો આદતો બની ચૂકી હશે, વિચારવાની શૈલી બદલાઈ ગઈ હશે, કાયદા પરિણામોનો નિયંત્રિત કરી શકે છે પણ લોકો કેવી રીતે વિચારે છે તેની ધીમી અને લગભગ ગાયબ થઈ રહેલી પુનઃરચનાનું નિયંત્રણ કરવું તો કાયદા માટે પણ શક્ય નથી.

દરેક પેઢી એવા સાધનની રાહ જોતી હોય છે જે પોતાના કામને, જીવનને સરળ બનાવી છે. બહુ ઓછી પેઢી જાતને સવાલ કરે છે કે જે બાબત આટલી સરળતાથી ઉકેલાઈ ગઈ, તેમાં રહેલી મુશ્કેલી જ ન રહી ત્યારે તેની સાથે બીજી કઈ બાબત અદ્રશ્ય થઈ? જોખમ એ નથી કે AI આપણને સાચા જવાબ નહીં આપે, ઘણીવાર તો આપણને નવાઈ લાગે એ રીતે સાચા અને સચોટ પ્રતિભાવ આપણને AI તરફથી મળતા હોય છે અને એટલે જ જોખમ તો એ છે કે આપણને આપણા જવાબો શોધવાની પ્રક્રિયા સાથે કોઈ લેવા-દેવા જ નહીં રહે.

સરકાર, કાયદા જ્યારે બનશે ત્યારની વાત ત્યારે પણ AI તો આપણી જિંદગીમાં છે જ, તેણે આપણી આદતો બદલી છે, તેણે આપણી ધીરજનો પનો ટૂંકો કર્યો છે અને પ્રશ્નો અને જવાબ વચ્ચેનું અંતર ઘટાડી દીધું છે. આપણે કાળજી એ વાતની લેવાની છે કે AI આપણી પાસેથી શું લઈ રહ્યું છે તે સમજીએ, એ પહેલાં કે આપણે ભૂલી જઈએ કે આપણી પાસે વિચારવાની ધીરજ, બુદ્ધિ અને સમજણ હતાં. ક્રાંતિ પરવાનગીની રાહ નથી જોતી, એ તો પહેલેથી જ શરૂ થઈ ચૂકી છે.

બાય ધી વેઃ

ગુજરાતીમાં આપણે કહીએ છીએ, 'ડહાપણ' આવ્યું. આપણે ક્યારેય નથી કહેતા કે ડહાપણ 'ડાઉનલોડ કર્યું.' આપણી ભાષા પણ પોતે એમ જ માને છે કે સમજણ ધીમે ધીમે પાકે છે. કદાચ એ જ કારણ છે કે AI એક સાથે આકર્ષક પણ લાગે છે અને અસ્વસ્થ પણ. તે સેકન્ડોમાં માહિતી આપી શકે છે, પરંતુ ભૂલો, ધીરજ, અનુભવ અને આત્મમંથનમાંથી જન્મતું ડહાપણ હજુ પણ લાંબો રસ્તો લઈને જ આવે છે. AIથી ચાલતો રોબોટ તમારા ઘરમાં સફાઈ કરવાનું કહેશો તો કરી આપશે, પણ એ તમને એમ પણ કહી શકે છે કે તમે જે રીતે ઘર ગોઠવ્યું છે એ બરાબર નથી. એક સ્કોલર જેમણે એક બહુ મોટું પ્રદર્શન ગોઠવ્યું હતું તેમણે મને વાત-ચીતમાં એમ કહેલું કે આર્ટ એક્ઝિબિશન માટેના લખાણ અંગે જ્યારે તે AI સાથે વાત કરતા હતા ત્યારે કૃષ્ણ પરનું પ્રદર્શન હોવાથી એક તબક્કે તેમણે AIને કહ્યું કે તેણે ભગવાન શ્રીકૃષ્ણની માફક જવાબ આપવા જોઇએ અને પછી તેમને જે જવાબ મળ્યા તેનાથી તે ચોંકી ગયા હતા. ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાના રસ્તા પણ AI બદલી નાખી શકે છે, મુદ્દો માત્ર એટલો જ છે કે એટલી સજાગતા અને સતર્કતા હોવી કે ક્યાં સુધી આગળ વધવું અને ક્યારે અટકવું. AIની કેટલી વાત માનવી અને ક્યારે તમારી પોતાની બુદ્ધિ પર વિશ્વાસ કરવો.

બહુશ્રુત

ચિરંતના ભટ્ટ

સહિષ્ણુતાઃ ભારતની અસલી તાકાત



ઈ.સ. ૧૯૦૬ના જુલાઈ મહિનામાં વિનાયક દામોદર સાવરકર લંડન ભણવા ગયા તેના ૧૮ વરસ પહેલાં ગાંધીજી લંડન ભણવા ગયા હતા. સાવરકર લંડન ભણવા ગયા તેના ૧૩ વરસ પહેલાં ગાંધીજી દક્ષિણ આફ્રિકા રોજીરોટી કમાવા ગયા હતા. જે વરસમાં સાવરકર લંડન ગયા એ જ વરસમાં, એના મહિના પહેલા (૨૭મી મે ૧૯૦૬) ગાંધીજીએ પોતાના મોટા ભાઈ લક્ષ્મીદાસ ગાંધીને પત્ર લખીને કહી દીધું હતું કે "મેં મારા અંગત જીવનને સમાપ્ત કરી દીધું છે... હવે ભયને હું ઓળખતો પણ નથી."

આ વિગત આપવા પાછળ ખાસ કારણ છે. બન્નેની નજરમાં અને ગ્રહણવૃત્તિમાં ફેર હતો. ગાંધીજીની શોધ મનુષ્યત્વની હતી અને સાવરકરની શોધ પૌરુષત્વની હતી. (જાણીતા સમાજશાસ્ત્રી આશિષ નંદીના શબ્દોમાં feminine અથવા માતૃહૃદયી અને macho અર્થાત્ masculine અથવા પૌરુષત્વયુક્ત) ગાંધીજીની શોધના કેન્દ્રમાં ભલે પૌરુષત્વ નહોતું, પણ સાવરકર પૌરુષત્વની શોધમાં વિલાયત જાય એ પહેલાં ગાંધીજીએ જણાવી દીધું હતું કે, "હવે ભયને હું ઓળખતો પણ નથી." નિર્ભયતા સર્વોચ્ચ આધ્યાત્મિક અવસ્થા છે અને ગાંધીજીની નિર્ભયતા મનુષ્યત્વની શોધનું પરિણામ હતું. યુરોપની સભ્યતા જોઈને તેમને સમજાઈ ગયું હતું કે પાશ્ચાત્ય સભ્યતા ભૂખાળવી સભ્યતા છે. એ કારણ વિના પોતાની જરૂરીયાત વધારનારી અને સંગ્રહ કરનારી સભ્યતા છે. તેની સુખની શોધ અને મેળવેલું ઐશ્વર્ય શોષણજન્ય અને હિંસાજન્ય છે. ઘરઆંગણે વિકસાવેલી માનવીય મુલ્યવ્યવસ્થા દરેક મનુષ્યજાતી માટે સાર્વત્રીક નથી અને માટે ઢોંગી છે. લોકભાગીદારીની બાંયધરી આપનારી તેની લોકશાહી વ્યવસ્થા તેમને ત્યાં પણ બોલકી અને બીકાઉ છે. જ્યાં વ્યવસ્થાના કેન્દ્રમાં ન્યાય અને માણસાઈ ન હોય ત્યાં અસલામતીની ભાવના સ્વાભાવિક છે. સદૈવ ડરમાં જીવતી પ્રજા શસ્ત્રોમાં અને અન્યત્ર સુરક્ષા શોધે છે. ટૂંકમાં પાશ્ચાત્ય આધુનિકતા ભારત માટે સંપૂર્ણપણે ઉપયોગી નથી.

ગાંધીજી દૂર રહીને ભારતની સ્થિતિ પર નજર રાખતા હતા અને તેમાં તેમના ધ્યાનમાં આવ્યું કે ભારતની સમસ્યા સ્વઓળખના અભાવની છે. ભારતની પ્રજા જો પોતાને ઓળખતી થાય તો તે દુનિયાનું માર્ગદર્શન કરી શકે એમ છે.

નો નોનસેન્સ

રમેશ ઓઝા

સંજોગવશાત્ બન્યું એવું કે લંડનથી ભણી આવીને ગાંધીજીને ૧૮૯૩ની સાલમાં (જ્યારે સાવરકરની ઉંમર એક વરસની હતી) દક્ષિણ આફ્રિકા જવાનું બન્યું. ત્યાં તેમણે કાળી પ્રજાનું અમાનવીય અને દર્દનાક શોષણ નજીકથી જોયું. ગોરી પ્રજાએ કાળા આફ્રિકનોનું એવું શોષણ કર્યું હતું કે કાળી પ્રજા નિર્માલ્ય થઈ ગઈ હતી. શ્વાસ લેનારી નિષ્પ્રાણ પ્રજા. ગાંધીજીએ એ પણ જોયું કે જગતમાં મનુષ્યની જેટલી પ્રજાતિ છે તેમાં સૌથી વધુ શારીરિક તાકાત આફ્રિકન પ્રજા ધરાવે છે. કદાવર શરીર ધરાવનારા એકથી વધુ આફ્રિકન કાળાઓ એક સાધારણ શરીર ધરાવનારા ગોરાને જોઈને ડરીને ભાગી જતા હતા. તેમના ધ્યાનમાં આવ્યું કે તાકાત શરીરમાં નથી, કાળજામાં છે.

અને સૌથી મોટી વાત. તેમના ધ્યાનમાં એ પણ આવ્યું કે કાળજાની તાકાત શોષણ, ઉપેક્ષા અને તિરસ્કાર દ્વારા મારી પણ શકાય છે અને જગાડી તેમ જ વધારી પણ શકાય છે. દક્ષિણ આફ્રિકામાં તેમણે પચાસેક હજાર જેટલા ભારતીય ગિરમીટિયાઓ અને અન્ય ભારતીયોની કાળજાની તાકાત જાગૃત કરવાનું શરુ કર્યું. બાકી અધમુઆ તો ગિરમીટિયાઓ પણ હતા. તમે બાહ્ય અને પારંપારિક તાકાતથી શોષણ કરનારાઓને નહીં પરાજિત કરી શકો, કારણ કે તેમણે તમારું શોષણ કરીને બાહ્ય તાકાત એકઠી કરી છે અને તે અનેકગણી છે. પણ કાળજાની તાકાતને પરાજીત કરનારી બાહ્ય ભૌતિક તાકાત આજ સુધી કોઈ વિકસાવી શક્યું નથી. શરૂઆત પોતાથી કરી હતી અને ૧૯૦૬ની સાલમાં મોટાભાઈને લખ્યું હતું કે, "હવે ભયને હું ઓળખતો પણ નથી."

ગાંધીજી દૂર રહીને ભારતની સ્થિતિ પર નજર રાખતા હતા અને તેમાં તેમના ધ્યાનમાં આવ્યું કે ભારતની સમસ્યા સ્વઓળખના અભાવની છે. ભારતની પ્રજા જો પોતાને ઓળખતી થાય તો તે દુનિયાનું માર્ગદર્શન કરી શકે એમ છે. વસુધૈવ કુટુંબકમવાળું વૈવિધ્ય અને સહઅસ્તિત્વ ભારતની ઓળખ છે. સહિષ્ણુતા ભારતની ઓળખ છે. શુદ્ધ મનુષ્યત્વ ભારતની ઓળખ છે. પણ ભારતના લોકો, ખાસ કરીને શિક્ષિત લોકો, પશ્ચિમની નકલ કરે છે. તેઓ પશ્ચિમની અન્યાય અને શોષણજન્ય સભ્યતાને આદર્શ અને અનુકરણીય સભ્યતા તરીકે જુએ છે. તેઓ વિવિધતાને મર્યાદા તરીકે જુએ છે, જ્યારે કે વિવિધતા ભારતની તાકાત છે. તેઓ સર્વસમાવેશક સમાન ભૂમિ શોધવાનો પ્રયાસ કરતા નથી અને એકબીજા સામે શરતો રાખે છે. વેદ-ઉપનિષદ-શ્રમણ બ્રાહ્મણ દર્શન, સૂફીઓ અને સંતોએ તેમ જ કુદરતી અને માનવીય વૈવિધ્યએ ભારતીય પ્રજાનો જે પીંડ ઘડ્યો છે અને જેવું ભારત ઘડ્યું છે એ તેની સાચી ઓળખ છે અને તેમાં જ તાકાત રહેલી છે.

ટૂંકમાં ભારતે પશ્ચિમનું અનુકરણ કરવાની જરૂર નથી, પણ સ્વઓળખ કરવાની જરૂર છે. પશ્ચિમની બાહ્ય તકલાદી ભૌતિક તાકાતની ઈર્ષા કરવાની જરૂર નથી, પણ પોતાની તાકાતને ઓળખવાની જરૂર છે. વિદ્યાર્થી તરીકે પશ્ચિમની સભ્યતાના કેન્દ્રબિંદુ સમાન ઈંગ્લેંડને જોયા પછી, વકીલ તરીકે સંસ્થાનોમાં અને અન્યત્ર કહેવાતી આધુનિક સભ્યતાની મુલ્યવ્યવસ્થા જોયા પછી, એક કર્મશીલ તેમ જ સાધક તરીકે આફ્રિકામાં કારમું શોષણ જોયા પછી અને ઉપાયો અજમાવ્યા પછી તેમને ખાતરી થઈ ગઈ હતી મનુષ્યત્વની ઉપાસના જ દોટ મુકીને ભાગતા જગતને બચાવી શકે એમ છે અને ભારત આ કરી શકે એમ છે, કારણ કે ભારતનો સ્વભાવ આને અનુકુળ છે. માત્ર ભારતની પ્રજાએ પોતાનો સ્વભાવ અને સ્વધર્મ સમજવાની અને ઓળખવાની જરૂર છે.

ગાંધીજીના પશ્ચિમના ગુરુ પણ હેન્રી ડેવિડ થોરો, જ્હોન રસ્કિન અને લેવ તોલ્સતોય જેવા હતા જેઓ પશ્ચિમે અપનાવેલા માર્ગથી રાજી નહોતા, પણ તેના ટીકાકાર હતા. ૧૮૮૮થી ૧૯૦૯ દરમ્યાન ગાંધીજી વિલાયતમાં અને આફ્રિકામાં રહીને સતત બારીક નજરે પશ્ચિમને જોતા હતા અને ઉપાય શોશતા હતા. ગાંધીજી પાશ્ચાત્ય પુરુષાર્થ અને ઐશ્વર્યથી જરાય પ્રભાવિત નહોતા થયા. તેમને એમ લાગવા માંડ્યું હતું અને લખ્યું પણ છે કે પશ્ચિમે તો ઉલટું પૂર્વ પાસેથી, મુખ્યત્વે ભારત પાસેથી વિવેકનો ધડો લેવો જોઈએ. પણ લાખ રૂપિયાનો સવાલ એ હતો કે આજનું ભારત અને ભારતીય પ્રજા પશ્ચિમનું

અનુસંધાન પાના 7 પર

સિલી પોઇંટ સ્ટાની.